GJPT030009212022

ફોજદારી કેસ નં. ૮૪૦–૨૦૨૨

**આંકઃ–૦૧ લગત હુકમ**

આરોપી મુકેશભાઇ દલપતભાઇ હરદાસભઇ રાઠોડ સામે મૌૅર વ્હીકલ એકટની કલમ ૧૮૫,૩,૧૮૧ તથા ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)(બી) મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

હાલના કેસના સંજોગો જોતા, આરોપી જાહેરમાં ગેર કાયદેસર વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલી હાલતમાં વાહન ચલાવતા મળી આવી પકડાઇ જતા, તેમની સામે સબબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આરોપી કેસ કબુલ કરવા માંગતા હોય. આરોપી દ્વારા જણાવવામાં આવેલ છે કે તેઓ આ ગુન્હો રાજીખુશીથી અને સ્વૈચ્છિક રીતે કબુલ કરવા માંગે છે અને વધુમાં જણાવેલ છે કે અમો મજુર તેમજ ગરીબ વર્ગના માણસ છીએ. તેમજ અમારા કુટુંબની ભરણ પોષણની જવાબદારી અમારા પર હોઇ અમો માંડ માંડ કરીને અમારા કુટુંબનુ ભરણપોષણ કરીએ છીએ. અમો કાયદાથી અજ્ઞાત અને અભણ છીએ અને હાલ અમારા કપરા સંજોગો ચાલતા હોય, અમારી સામેનો આ ગુન્હોમાં કસુર બદલ અમો માફી ચાહીએ છીએ, ફરી વખત આવું ન બને તેની અમો તકેદારી રાખીશુ, અમારી ઉપર રહેમ રાખી ઓછો સજા કરવા મહેરબાની કરશોજી.

જે તમામ હકીકત તથા સંજોગોને ધ્યાને લેતા. આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ ૨૪૧ અન્વયે મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા અંકે રૂપીયા ૭૫૦/– (રૂપીયા સાતસો પચાસ પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે, તેમજ જો દંડની રકમ ન ભરે તો પાંચ (૫) દિવસની સાદી કેદની સજાનો તેમજ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા અંકે રૂપીયા ૨૫૦/– (રૂપીયા બસો પચાસ પુરા) મળી કુલ રૂપીયા ૧,૦૦૦/– દંડ નો હુકમ કરવા માં આવે છે, તેમજ જો દંડની રકમ ન ભરે તો એક (૧) દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલ હોન્ડા કંપનીનુ એચ.એફ.ડીલક્ષ નંબર પ્લેટ વગરનુ જેનો એન્જીન નંબર HA11EXN5J50341 તથા ચેસીસ નંબર MBLHAN107N5J05310 કંપનીનુ મોટર સાયકલ તેના ખરા માલીક દ્વારા માલીકી અંગેનો પુરાવો રજુ કર્યે તપાસ કરનાર અધિકારીએ ખરા માલીકને સોંપવાનો તેમજ તે લગત આર.ટી.ઓ

ઇન્સપેકટરને જાણ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૭મી નવેમ્બર, ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળઃ– ચાણસ્મા**
તારીખઃ– ૦૭/૧૧/૨૦૨૨

**(સુનિલ લલિતકુમાર મહેતા)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
ચાણસ્મા, જજ કોડ નં. જીજે–૦૧૨૨૯